# જિલ્લા રમતગમત અધિકારીની કચેરી

## રાજકોટ શહેર

૭/૨ બહુમાળી ભવન, રેસકોર્ષ રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૪૪૨૩૬૨,૯૭૩૭૧૬૦૦૬૬
E-mail Id: dsorajakotcity32@gmail.com

જાવક નં : જરગઅ/શહેર/ખેમકુ/૨૦૧૬-૧૭/ તા: ૧૦/૦૯/૨૦૧૬

પ્રતિ,

કુલપતીશ્રી

સૌરાષ્ટ્ર યુનિવર્સીટી

રાજકોટ.

વિષય: ખેલમહાકુંભ-૨૦૧૬નો પરીપત્ર સૌરાષ્ટ્ર યુનિવર્સીટી વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા બાબત

માન.સાહેબશ્રી,

સવિનય ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનુ કે ગુજરાત સરકારશ્રીના રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ અંતર્ગત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા પ્રતિ વર્ષની જેમ ચાલુ વર્ષ પણ તા.૩૦/૦૯/૨૦૧૬ થી ૦૩/૧૨/૨૦૧૬ દરમ્યાન ખેલમહાકુંભ-૨૦૧૬નુ આયોજન હાથ ધરવામા આવનાર છે. જેમા સ્કુલ કોલેજ તથા ઓપન વિભાગની સ્પર્ધાઓનો સમાવેશ કરવામા આવેલ છે. જેના રજિસ્ટ્રેશન માટેની વેબસાઇટ www.khelmahakumbh.org છે. રજિસ્ટ્રેશનની અંતીમ તારીખ ૧૫/૦૯/૨૦૧૬ છે. કોલેજમા અભ્યાસ કરતા વિદ્યાર્થીઓને આ સ્પર્ધાઓની માહિતી પુરી પડે તે હેતુ સર ખેલમહાકુંભ-૨૦૧૬નો પરીપત્ર સૌરાષ્ટ્ર યુનિવર્સીટી વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવા વિનંતી છે.

આભાર સહ..........

આપનો વિશ્ર્વાસુ

(વી.પી.જાડેજા) 10/9

જિલ્લા રમતગમત અધિકારી

રાજકોટ શહેર

ક્રમાંક:એસએજી/ખેમકું-૧૬/૨૦૧૬-૧૭
સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત,
બ્લોક નં ૧૪/૩જો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન
ગાંધીનગર. તા.૧૬/૦૮/૨૦૧૬

# વિષય :- ખેલમહાકુંભ-૨૦૧૬

પરિપત્ર :-

ગુજરાત સરકારશ્રીના રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ અંતર્ગત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા પ્રતિ વર્ષની જેમ ચાલુ વર્ષે પણ તા.૩૦/૦૯/૨૦૧૬ થી તા.૦૩/૧૨/૨૦૧૬ દરમ્યાન ખેલમહાકુંભ-૨૦૧૬નું આયોજન હાથ ધરવામાં આવનાર છે.

ગુજરાત સરકારશ્રીના સફળ મોડ્યુલને ભારત સરકારના રમતગમત અને યુવા મંત્રાલયના રમતગમત વિભાગના પત્ર No.1000-4/2016-Khelo India તા.૨૬/૦૬/૨૦૧૬ થી ગ્રામ્ય વિસ્તારમાં રમત-ગમત ક્ષેત્રે સુવિધાથી ઉભી કરવી અને સ્પર્ધાઓ દ્વારા રમતને પ્રોત્સાહન આપવાની યોજનાઓ RGKA, USIS, NSTSને એક જ શિર્ષક હેઠળ "સેન્ટ્રલ સેકટર સ્કીમને રાષ્ટ્રીય રમત-ગમતનાં વિકાસ માટે "ખેલો ઇન્ડિયા" અંતર્ગત સમન્વય કરવામાં આવેલ છે.

વધુમાં આ વર્ષે પ્રાથમિક શિક્ષણ વિભાગ હસ્તક જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન (DIET) દ્વારા આયોજીત રમતોત્સવને અલગ ન યોજતા ખેલમહાકુંભમાં સમાવેશ કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

ખેલમહાકુંભ-૨૦૧૬ની શાળા/ગ્રામ્યકક્ષા, તાલુકાકક્ષા, જિલ્લા/મહાનગરપાલિકાકક્ષા અને રાજયકક્ષાની સ્પર્ધાઓનું રજિસ્ટ્રેશન, પ્રચાર-પ્રસાર, આયોજન-સંચાલન, તજજ્ઞો, મેનપાવર ખેલાડીઓની, પસંદગી, રોકડ પુરસ્કાર વિગેરેની કામગીરી સરળતાથી તેમજ અસરકારક રીતે થાય તે સુનિશ્ચિત કરવા માટે નીચે મુજબની સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

**(૧) રજિસ્ટ્રેશન:-**

૧. ખેલમહાકુંભ-૨૦૧૬નું ઓનલાઈન રજિસ્ટ્રેશન તા.૧૫/૦૯/૨૦૧૬ સુધી કરવામાં આવશે.
૨. ખેલમહાકુંભમાં ભાગ લેવા માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવા માટેની વેબસાઈટ **www.khelmahakumbh.org** છે.
3. **khelmahakumbh -2016** એન્ડ્રોઈડ અને આઈ.ઓ.એસ. મોબાઈલ એપ થી ઓનલાઈન રજિસ્ટ્રેશન થઈ શકશે.
૪. અં-૯, અં-૧૧, અં-૧૪, અં-૧૭ તથા ઓપન એઈજ (સિનિયર) ગૃપમાં શાળામાં અભ્યાસ કરતાં ખેલાડીઓએ જે તે શાળામાંથી રજિસ્ટ્રેશન કરવાનું ફરજીયાત રહેશે.
૫. કોલેજમાં અભ્યાસ કરતાં ખેલાડીઓએ જે તે કોલેજમાંથી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરી શકશે.
૬. અભ્યાસ ન કરતાં હોય તેવા ખેલાડીઓ પણ પોતાના ગામની સ્કુલ/હાઈસ્કુલમાંથી ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે.

**(૨) તાલુકાકક્ષાએ નોડલ રજિસ્ટ્રેશન સેન્ટર:-**

૧. આ ઉપરાંત ગ્રામ્યકક્ષાએ ઈન્ટરનેટની સુવિધા ન હોય તેવા સંજોગોમાં વૈકલ્પિક વ્યવસ્થાના ભાગ રૂપે તાલુકાકક્ષાએ નોડલ રજિસ્ટ્રેશનની સુવિધાઓ ઉભી કરવામાં આવેલ છે.

૨. તાલુકાકક્ષાએ બી.આર.સી. ભવન ખાતેથી વિધાર્થીઓ/અભ્યાસ ન કરતાં અન્ય રમતવીરો નાગરીકો રજિસ્ટ્રેશન કરાવી શકશે. આ માટે બી.આર.સી. ભવન ખાતે ડેટા ઓપરેટરની નિમણુંક કરવામાં આવનાર છે. અને તેનું સંકલન તાલુકાકક્ષાની અમલીકરણ સમિતિના સભ્ય સચિવશ્રી, બી.આર.સી.એ કરવાનું રહેશે.

૩. જિલ્લાકક્ષાએ જિલ્લા રમતગમત અધિકારીની કચેરીએથી પણ ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવી શકશે.

**(૩) રજિસ્ટ્રેશન અંગેનો પાસવર્ડ:**-શાળા/કોલેજ તેમજ નોડલ રજિસ્ટ્રેશન સેન્ટર અંગેનો પાસવર્ડ સ્કુલ, કોલેજ તથા સેન્ટરના જવાબદાર વ્યક્તિને આપવાનો રહેશે અને તેમના દ્વારા રજિસ્ટ્રેશનની કામગીરી થાય તે જોવાનું રહેશે.

**(૪) પ્રચાર-પ્રસાર** :- ખેલમહાકુંભમાં વધુમાં વધુ ખેલાડીઓ ભાગ લે તેમજ આપવાની જાણકારી માટે ગ્રામ્ય/તાલુકા/જિલ્લાકક્ષાના વિવિધ જાહેર સ્થળો પર હોર્ડીંગ્સ, પોસ્ટર, બેનર તેમજ અન્ય પ્રચાર-પ્રસારના માધ્યમ દ્વારા બહોળી પ્રસિધ્ધિ કરવાની રહેશે.

**(૫) ઉદ્દઘાટન અને પૂર્ણાહુતી**:- પ્રતિ વર્ષની જેમ ચાલુ વર્ષે પણ ખેલમહાકુંભ-૨૦૧૬ રાજયકક્ષાનું ઉદ્દઘાટન અને પૂર્ણાહુતી સમારોહનું આયોજન કરવામાં આવશે. આ અંગેની તારીખ અને સ્થળ નક્કી થયે જણાવવામાં આવશે.

**(૬) રમત સ્પર્ધાનું આયોજન**

૧. શાળા અને ગ્રામ્યકક્ષાથી શરૂ થતી સ્પર્ધાઓ

| ક્રમ | વયજુથ | ખેલમહાકુંભ અંતર્ગત રમતો |
|---|---|---|
| ૧ | ૯ વર્ષથી નીચે | એથ્લેટીક્સ |
| ૨ | ૧૧ વર્ષથી નીચે | એથ્લેટીક્સ |
| ૩ | ૧૪ વર્ષથી નીચે (ધોરણ-૮ સુધી) | એથ્લેટીક્સ, વોલીબોલ, ખોખો, કબડ્ડી |
| ૪ | ૧૭ વર્ષથી નીચે (ધોરણ-૧૦ સુધી) | એથ્લેટીક્સ, રસ્સાખેંચ, વોલીબોલ, ખોખો, કબડ્ડી |
| ૫ | ઓપન એજ (સિનિયર) ગ્રુપ | એથ્લેટીક્સ, રસ્સાખેંચ, વોલીબોલ, ખોખો, કબડ્ડી |
| ૬ | ૪૦ વર્ષથી ઉપર | રસ્સાખેંચ |
| ૭ | ૬૦ વર્ષથી ઉપર | રસ્સાખેંચ |

૨. તાલુકાકક્ષાથી શરૂ થતી સ્પર્ધાઓ

| ક્રમ | વયજુથ | ખેલમહાકુંભ અંતર્ગત રમતો |
|---|---|---|
| ૧ | ૯ વર્ષથી નીચે | - |
| ૨ | ૧૧ વર્ષથી નીચે | ચેસ |
| ૩ | ૧૪ વર્ષથી નીચે (ધોરણ-૮ સુધી) | એથ્લેટીક્સ, ચેસ, યોગાસન |
| ૪ | ૧૭ વર્ષથી નીચે (ધોરણ-૧૦ સુધી) | એથ્લેટીક્સ, ચેસ, યોગાસન |
| ૫ | ઓપન એજ (સિનિયર) ગ્રુપ | શુટીંગબોલ, એથ્લેટીક્સ, ચેસ, યોગાસન |

| | | |
|---|---|---|
| ૬ | ૪૦ વર્ષથી ઉપર | શુટીંગબોલ, ચેસ |
| ૭ | ૬૦ વર્ષથી ઉપર | ચેસ |
| ૮ | શિક્ષકો માટેની સ્પર્ધા | એથ્લેટીક્સ, વોલીબોલ, ચેસ, યોગાસન |

**૩. જિલ્લાકક્ષાથી શરૂ થતી સ્પર્ધાઓ**

| ક્રમ | વયજુથ | ખેલમહાકુંભ અંતર્ગત રમતો |
|---|---|---|
| ૧ | ૯ વર્ષથી નીચે | - |
| ૨ | ૧૧ વર્ષથી નીચે | સ્વીમીંગ |
| ૩ | ૧૪ વર્ષથી નીચે (ધોરણ-૮ સુધી) | સ્વીમીંગ, સ્કેટીંગ, જુડો, કુસ્તી, બેડમિન્ટન, આર્ચરી, બાસ્કેટબોલ, ટેબલટેનીસ, લોનટેનીસ, હેન્ડબોલ, હોકી, ફૂટબોલ |
| ૪ | ૧૭ વર્ષથી નીચે (ધોરણ-૧૦ સુધી) | સ્વીમીંગ, સ્કેટીંગ, જુડો, કુસ્તી, બેડમિન્ટન, આર્ચરી, બાસ્કેટબોલ, ટેબલટેનીસ, લોનટેનીસ, હેન્ડબોલ, હોકી, ફૂટબોલ |
| ૫ | ઓપન એજ (સિનિયર) ગ્રુપ | સ્વીમીંગ, સ્કેટીંગ, જુડો, કુસ્તી, બેડમિન્ટન, આર્ચરી, બાસ્કેટબોલ, ટેબલટેનીસ, લોનટેનીસ, હેન્ડબોલ, હોકી, ફૂટબોલ, ટેકવોન્ડો |
| ૬ | ૪૦ વર્ષથી ઉપર | બેડમિન્ટન, ટેબલ ટેનીસ, લોન ટેનીસ, સ્વીમીંગ |
| ૭ | ૬૦ વર્ષથી ઉપર | બેડમિન્ટન, ટેબલ ટેનીસ, લોન ટેનીસ, સ્વીમીંગ |

**૪. સીધી રાજયકક્ષાએ યોજાતી સ્પર્ધાઓ**

| ક્રમ | વયજુથ | રમત |
|---|---|---|
| ૧ | અં-૯ | - |
| ૨ | અં-૧૧ | સ્વીમીંગ |
| ૩ | અં-૧૪(ધોરણ-૮ સુધી) | એથ્લેટીક્સ, સ્વીમીંગ, જુડો, કુસ્તી, આર્ચરી, વેઈટલીંફટીંગ, ફેન્સીંગ, બોક્સીંગ, કરાટે, શુટીંગ અને મલખમ્બ |
| ૪ | અં-૧૭ (ધોરણ.-૧૦ સુધી) | એથ્લેટીક્સ, સ્વીમીંગ, જુડો, કુસ્તી, આર્ચરી, ટેકવોન્ડો, વેઈટલીંફટીંગ, ફેન્સીંગ, બોક્સીંગ, કરાટે, શુટીંગ અને મલખમ્બ |
| ૫ | ઓપન એજ (સિનિયર) ગ્રુપ | એથ્લેટીકસ, સ્વીમીંગ, ટેકવોન્ડો, જૂડો, કુસ્તી, આર્ચરી, જિમ્નાસ્ટીકસ, સાયકલિંગ (૨૦ કિ.મી.), શુટીંગ, આર્ટીસ્ટીક સ્કેટીંગ, વેઈટલીંફટીંગ, ફેન્સીંગ, બોક્સીંગ, કરાટે અને મલખમ્બ |
| ૬ | ૪૦ અને ૬૦ વર્ષથી ઉપર | યોગાસન |

## (૭) ખેલમહાકુંભ-૨૦૧૬ - ફેરફાર:-

૧. શુટીંગ બોલ રમતની સ્પર્ધા ફકત ભાઈઓ માટે જ યોજવાની રહેશે.

૨. ચેસની સ્પર્ધા સીધી તાલુકા કક્ષાએથી શરૂ કરવામાં આવી છે. જે મહાનગરપાલિકામાં ચેસના સ્પર્ધકોની સંખ્યા વધુ હોય તો તે પરિસ્થિતિમાં તે મહાનગરપાલિકા વોર્ડકક્ષાએ પણ ચેસ સ્પર્ધા યોજી શકશે. આ અંગેની જાણ અગાઉથી અત્રેની કચેરીને કરવાની રહેશે.

3. **ટેબલ ટેનીસ, બેડમિન્ટન, ટેનીસ, આર્ચરી, યોગાસનમાં ટીમ ઈવેન્ટ યોજવામાં આવશે નહી. તેના સ્થાને ટેબલ ટેનીસ, બેડમિન્ટન, ટેનીસ રમતમાં સિંગલ, ડબલ્સ અને મીક્સ ડબલ્સ ઈવેન્ટની સ્પર્ધા યોજવાની રહેશે.**

૪. વય મર્યાદા:- ૪૫ વર્ષની વયજુથ ઉપરના બદલે ૪૦ વર્ષથી ઉપરની વયજુથની સ્પર્ધા યોજવાની રહેશે.

૫. ઘોડેસવારી અને લાઠી દાવ રાજયકક્ષાના ઉદ્દઘાટન/પૂર્ણાહુતી સમારંભમાં નિર્દેશન કરવાનું રહેશે.

૬. વોટરપોલો અને ડાઈવીંગનું નિર્દેશન રાજયકક્ષાની સ્વીમીંગની સ્પર્ધામાં કરવાનું રહેશે.

૭. ગ્રામ્યકક્ષાએ (મનોરંજન રમતો) સંગીત ખુરશી, લીંબુ ચમચો, સોયદોરા પરોવવા અને ૫૦ મી. માટલાં દોડ(ફકત બહેનો માટે) અને લંગડી ૧૭ વર્ષથી નીચેની વયજુથ માટેની સ્પર્ધાઓ (નોન કોમ્પ્યુટેટીવ) યોજવાની રહેશે.

૫. પ્રવાસ ખર્ચ :

૧. ખેલમહાકુંભમાં શાળા/ગ્રામ્યકક્ષાએ ભાગ લઈ એથ્લેટીક્સ, કબડ્ડી, રસ્સાખેંચ, ખોખો અને વોલીબોલમાં વિજેતા થઈ તાલુકાકક્ષાએ ભાગ લેવા આવનાર ખેલાડીઓને સરકારશ્રીના ધારાધોરણ મુજબ પ્રવાસ ખર્ચ ચૂકવવામાં આવશે.

૨. ચેસ, યોગાસન અને શુટીંગબોલની સીધી તાલુકાકક્ષાએ યોજાતી રમતોમાં ભાગ લેનાર ખેલાડીઓને પ્રવાસ ખર્ચ ચૂકવવામાં આવશે નહી.

૩. તાલુકાની રમતોમાં ભાગ લઈ વિજેતા ખેલાડીઓને જિલ્લાકક્ષાએ ભાગ લેવા માટે પ્રવાસ ખર્ચ ચૂકવવામાં આવશે.

૪. જિલ્લાકક્ષા તથા રાજયકક્ષાએ સીધા ભાગ લેવા આવનાર ખેલાડીઓને પ્રવાસ ખર્ચ ચૂકવવામાં આવશે નહી.

૬. આર્ચરીમાં નીચે મુજબ ઈવેન્ટ રહેશે.

૧. જિલ્લાકક્ષાની ૧૪ વર્ષથી નીચે, ૧૭ વર્ષથી નીચે અને ઓપન એઈજ (સિનિયર) ગૃપ માટે
   - ઈન્ડીયન રાઉન્ડ (ભાઈઓ/બહેનો)

૨. રાજયકક્ષાની ૧૪ વર્ષથી નીચે, ૧૭ વર્ષથી નીચે, ઓપન એઈજ (સિનિયર) ગૃપ માટે
   - ફિટા રાઉન્ડ (ઓવર ઓલ અને ઓલમ્પિક રાઉન્ડમાં ૨ ઈવેન્ટ) એક વયજુથમાં કુલ ૨ મેડલ (ભાઈઓ/બહેનો)
   - કંમ્પાઉન્ડ રાઉન્ડ (ઓવર ઓલ અને ઓલમ્પિક રાઉન્ડમાં ૨ ઈવેન્ટ) એક વયજુથમાં કુલ ૨ મેડલ (ભાઈઓ/બહેનો)

## (૮) ખેલમહાકુંભ-૨૦૧૬ - નવો સમાવેશ :-

૧. ખેલો ઇન્ડિયા :- ચાલુ વર્ષથી ભારત સરકારના ખેલો ઈન્ડીયા કાર્યક્રમને રાજય ખેલમહાકુંભ સાથે સમન્વય કરવામાં આવેલ હોય ભારત સરકારની ગાઈડ લાઈન મુજબ સ્પર્ધાઓનું આયોજન કરવાનું રહેશે.

૨. નવી રમતોનો નો સમાવેશ:- ફેન્સીંગ, બોક્સીંગ, કરાટે અને મલખમ્બ

૧. અં-૧૪, અં-૧૭ અને ઓપન એઈજ (સિનિયર) ગૃપમાં ફેન્સીંગ, બોક્સીંગ, કરાટે, શુટીંગ અને મલખમ્બ રમતની સ્પર્ધા સીધી રાજયકક્ષાએ યોજવાની રહેશે.

૨. શુટીંગમાં બે નવી ઈવેન્ટનો સમાવેશ કરવાનું નક્કી કરવામાં આવ્યુ. (૧) ભાઈઓ માટે ૨૫ મી. રેપીડ ફાયર પિસ્ટલ અને બહેનો માટે ૨૫ મી. પિસ્ટલ (૨) ૫૦ મી. રાઈફલ પ્રોન (ભાઈઓ માટે)

૩. સી.આર.સી. કક્ષાએ યોજાનાર રમતોત્સવનો સમાવેશ :-

શિક્ષણ વિભાગ, દ્વારા જી.સી.ઈ.આર.ટી. પ્રેરિત અને જિલ્લા શિક્ષણઅને તાલીમ ભવન આયોજિત પ્રા.શાળાનાં વિદ્યાર્થીઓ અને શિક્ષકો માટે વર્ષ ૨૦૦૫-૨૦૦૬ થી યોજવામાં આવતા રમતોત્સવને અલગ ન યોજતા ચાલુ વર્ષથી ખેલમહાકુંભ સાથે સમાવેશ કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

સી.આર.સી. સુધીની સ્પર્ધાઓ ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલિમ પરિષદ, ગાંધીનગર (DIET) દ્વારા ખેલમહાકુંભ અંતર્ગત યોજવાની રહેશે. જે અંગેનો ખર્ચ ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલિમ પરિષદ, ગાંધીનગર દ્વારા રમત સ્પર્ધાઓનું આયોજન-સંચાલન કરવાનું રહેશે.

## (૯) આયોજન અને સંચાલન

૧. ખેલમહાકુંભનું સમગ્ર આયોજન-સંચાલન નીચે મુજબની જે તે કક્ષાની અમલીકરણ સમિતિ , દ્વારા કરવાનું રહેશે.

| પ્રા.શાળા | ગ્રામ્ય | તાલુકા | જિલ્લા | ટેકનિકલ | પસંદગી |
|---|---|---|---|---|---|
| પ્રાથમિક શાળાના આચાર્ય અધ્યક્ષ | સરપંચ અધ્યક્ષ | પ્રાંત અધિકારી અધ્યક્ષ | કલેક્ટર અધ્યક્ષ | જિલ્લા રમતગમત અધિકારી અધ્યક્ષ | સિનિયર કોચ અધ્યક્ષ |
| સી.આર.સી સભ્ય | માધ્યમિક શાળાના આચાર્ય સભ્ય | મામલતદાર કન્વીનર | જિલ્લા વિકાસ અધિકારી ઉપાધ્યક્ષ | સિનિયર કોચીઝ અથવા તેના પ્રતિનિધિ સભ્ય | જે તે રમતના કોચ (એસ.એ.જી.) સભ્ય |
| વ્યાયામ શિક્ષક સભ્ય સચિવ | પ્રાથમિક શાળાના આચાર્ય સભ્ય સચિવ | તાલુકા વિકાસ અધિકારી સભ્ય | વાઈસ ચાન્સેલર યુનિવર્સીટી હોય તો સભ્ય | રમતગમત મંડળના પદાધિકારી સભ્ય | વ્યાયામ મંડળના પ્રતિનિધિ સભ્ય |
| | સ્વામી વિવેકાનંદ ગામ યુવક મંડળના પ્રમુખ સભ્ય | તાલુકા સ્વામી વિવેકાનંદ મંડળના પ્રમુખ સભ્ય | પોલીસ અધિક્ષક સભ્ય | વ્યાયામ શિક્ષક મંડળના પદાધિકારી અથવા જિલ્લા રમતગમત અધિકારા દ્વારા નિયુક્ત વ્યાયામ શિક્ષક સભ્ય | જિલ્લા રમતગમત અધિકારી દ્વારા નિયુકત એક રમતવીર અને એક વ્યાયામ શિક્ષક સભ્ય |
| | તલાટી કમ મંત્રી સભ્ય | બી.આર.સી. સભ્ય સચિવ | જિલ્લા શિક્ષણાધિકારી (પ્રાથમિક અને માધ્યમિક) સભ્ય | | |
| | | સી.આર.સી. સભ્ય | પ્રિન્સીપાલ, શિક્ષણ અને તાલીમ ભવન સભ્ય | | |
| | | | સ્વામી વિવેકાનંદ જિલ્લા યુવક મંડળના પ્રમુખ સભ્ય | | |
| | | | સિનીયર કોચ એસ.એ.જી સભ્ય | | |
| | | | DIETના શારીરિક શિક્ષણના વ્યાખ્યાતા સભ્ય | | |
| | | | જિલ્લા રમત ગમત અધિકારી સભ્ય સચિવ | | |

## (૧૦) સ્પર્ધા અંગેની સુચનાઓ :-

૧. શાળા/ગ્રામ્ય/તાલુકાકક્ષાની સ્પર્ધામાં વ્યક્તિગત રમતમાં વિજેતા પ્રથમ, દ્વિતિય અને તૃત્તિય સ્થાન મેળવેલ અને ટીમ રમત પૈકી વોલીબોલ, કબડ્ડી, ખોખો, રમતોમાં પસંદગી પામેલ એક ટીમ તેમજ એક વિજેતા ટીમ એમ બે ટીમ આગળની સ્પર્ધામાં ભાગ લેશે.

૨. જિલ્લા પંચાયત, નગરપાલિકા અને મહાનગરપાલિકાની પ્રાથમિક શાળાના બાળકો માટેની ખેલમહાકુંભ અંતર્ગત શાળા/ગ્રામ્યકક્ષાની સ્પર્ધાઓ અને તેના વ્યક્તિગત રમતના પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમના વિજેતા તેમજ ટીમ રમતના પ્રથમ અને દ્વિતિય ક્રમે વિજેતા ખેલાડીઓ સી.આર.સી.કક્ષાએ ભાગ લેશે.

૩. સી.આર.સી.કક્ષાની સ્પર્ધામાંથી વ્યક્તિગત રમતોમાં ૧ થી ૮ ક્રમાંકના વિજેતાઓ અને ટીમ રમતમાં એક પસંદગીની ટીમ અને એક વિજેતા ટીમ એમ કુલ બે ટીમ તાલુકાકક્ષાની સ્પર્ધામાં ભાગ લેશે.

૪. જિલ્લાકક્ષાની સ્પર્ધામાં વ્યક્તિગત રમતોમાં પણ પ્રથમ અને દ્વિતીય એમ બે વિજેતા ખેલાડીઓ અને ટીમ રમત પૈકી વોલીબોલ, કબડ્ડી, ખોખો રમતોમાં પસંદગી પામેલ એક ટીમ તેમજ એક વિજેતા ટીમ એમ બે ટીમ સ્પર્ધામાં ભાગ લેશે.

૫. રાજયકક્ષાની સ્પર્ધામાં વ્યક્તિગત રમતોમાં પ્રથમ અને દ્વિતિય એમ બે વિજેતા અને ટીમ રમતમાં પસંદગી પામેલ એક ટીમ અને એક વિજેતા ટીમ એમ બે ટીમ સ્પર્ધામાં ભાગ લેશે.

૬. વિજેતા ટીમ પોતાની રીતે તાલુકાકક્ષા થી જિલ્લાકક્ષાએ અને જિલ્લાકક્ષા થી રાજયકક્ષાએ સ્વતંત્ર રીતે ભાગ લેવા ન ઈચ્છતી હોય તો તે સંસ્થાએ બાહેધરી પત્ર આપવાનો રહેશે. અને જેતે કક્ષાએ પસંદગી સમિતિએ વિજેતા ટીમના ખેલાડીઓનો પસંદગી સમિતિમાં સમાવેશ કરવાનો રહેશે. (બાંહેધરી પત્રનો નમુનો સામેલ છે.)

૭. એથ્લેટીક્સ (ઓપન એજ (સિનિયર) ગૃપ):- જિલ્લાકક્ષાની સ્પર્ધામાં યોજાનાર વ્યક્તિગત ઈવેન્ટમાંથી પસંદગી સમિતિ દ્વારા પસંદ થયેલ ખેલાડીઓની ૪ X ૧૦૦ મી. રીલે અને ૪ X ૪૦૦ મી. રીલેની એથ્લેટીક્સ ટીમ બનાવવાની રહેશે જે રાજયકક્ષાએ પ્રતિનિધિત્વ કરશે.

૮. એથ્લેટીક્સ રમતમાં વધુમાં વધુ ત્રણ વ્યક્તિગત અને બે રીલે ઈવેન્ટમાં ભાગ લઈ શકશે.

૯. સ્વીમીંગ (અં.-૧૪, અં.૧૭ અને ઓપન એજ (સિનિયર) ગ્રુપ) :- જિલ્લાકક્ષાની સ્પર્ધામાં યોજાનાર વ્યક્તિગત ઈવેન્ટમાંથી પસંદગી સમિતિ દ્વારા પસંદ થયેલ ખેલાડીઓની ૪ X ૧૦૦ મી. ફ્રિ સ્ટાઈલ રીલે અને ૪ X ૧૦૦ મી. મીડલે રીલેની ટીમ બનાવવાની રહેશે જે રાજયકક્ષાએ જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

૧૦. સ્પર્ધામાં ભાગ લેવા માટે વય મર્યાદા નક્કી કરવા માટે **કટ ઓફ ડેટ ૩૧/૧૨/૨૦૧૬ રહેશે.**

૧૧. સીધી રાજ્યકક્ષાએ શરૂ થતી સ્પર્ધા માટે ઉપસ્થિત રહેનાર ખેલાડીઓની સૌ પ્રથમ ક્વોલીફાઈડ મેચનું પ્રથમ રાઉન્ડનું આયોજન ગોઠવવાનું રહેશે. સ્પર્ધામાં ઉપસ્થિત રહેનાર ખેલાડીઓને એક ટાઈમ લંચ આપવાનો રહેશે. પ્રથમ રાઉન્ડના વિજેતાઓને ભોજન અને નિવાસ પુરું પાડવાનું રહેશે.

૧૨. રાજયકક્ષાની સ્પર્ધાના આયોજન માટે જેતે રમતની શાળા/કોલેજ/સંસ્થાની પસંદગી કરી તેની યાદી મોકલી આપવાની રહેશે.

૧૩. રાજયકક્ષાની સ્પર્ધા માટે પ્રથમ દિવસે સાંજે રીપોર્ટીંગ કરવા માટે જણાવવાનું રહેશે.

૧૪. રાજ્યકક્ષાની સ્પર્ધામાં ટીમ ઈવેન્ટમાં પ્રથમ દિવસે ૧૦ કે તેથી વધુ અને ત્યારબાદ બીજા દિવસે એમ તબક્કાવાર દિવસોમાં નોકઆઉટ અને તેમાંથી પસંદ થયેલ ટીમની લીગ રમાડવામાં આવે તો હારેલી ટીમ તે દિવસે પરત થાય જેને કારણે ભોજન અને નિવાસનો ખર્ચ ઘટી શકે. તે પ્રકારે આયોજન કરવાનું રહેશે.

૧૫. શાળા/ગ્રામ્યકક્ષાએ થી તાલુકાકક્ષા, (શાળાકક્ષાએ થી સી.આર.સી. અને સી.આર.સી. કક્ષાએથી તાલુકાકક્ષા) તાલુકાકક્ષાએ થી જિલ્લાકક્ષા અને જિલ્લાકક્ષાએ થી રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેતા વિજેતા ખેલાડીઓની એન્ટ્રી ઓનલાઈન મોકલી આપવાની રહેશે. ઓનલાઈન એન્ટ્રી વગર કોઈ પણ સ્પર્ધકને ઉપરની કક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા દેવામાં આવશે નહી.

૧૬. સ્પર્ધામાં ભાગ લેવા માટેની વયજુથ પ્રમાણેની રમતો, વજન ગૃપ તેમજ ઈવેન્ટની માહિતી ઓનલાઈન રજિસ્ટ્રેશન ફોર્મમાં દર્શાવેલ હોય તે મુજબ ખેલાડીએ ભાગ લેવાનો રહેશે.

## (૧૧) ટેક્નીકલ ઓફીસીયલ્સની નિયુક્તિ :-

૧. રાજ્યકક્ષાના માન્ય મંડળો દ્વારા ટેકનીકલ બાબતોમાં સહયોગ મેળવવાનો રહેશે.

૨. ટેકનીકલ ઓફીસીયલ્સ અને રેફરી યોગ્ય લાયકાત ધરાવતા હોવા જોઈએ.

૩. સંબંધીત માન્ય એસોસીએશનના પરામર્શમાં રહીને ટેકનીકલ ઓફીસીયલ્સ અને રેફરીની વ્યવસ્થા જિલ્લા રમતગમત અધિકારીશ્રીએ કરવાની રહેશે.

૪. રાજ્યકક્ષાના માન્ય મંડળો દ્વારા દરેક સ્થળ અને રમત માટે ટેકનીકલ કન્વીનર ફાળવવામાં આવશે અને ટેકનીકલ કન્વીનરે ટેકનીકલ બાબતોમાં સહયોગ આપવાનો રહેશે.

૫. લાયકાત ધરાવતા રેફરીઓ દ્વારા જ સ્પર્ધાઓ યોજવાની રહેશે. રાજ્યકક્ષાના માન્યમંડળોની સાથે રહીને જે તે રમતના વયજુથ પ્રમાણે કવોલીફાય રેફરી અને લાઈનમેનની યાદી તૈયાર કરવાની રહેશે રેફરી દ્વારા જે તે રમતના નિતિ નિયમો પ્રમાણે જે તે સ્પર્ધાઓ યોજવામા આવે તે માટેની તકેદારી જિલ્લા રમતગમત અધિકારીશ્રીએ રાખવાની રહેશે.

## <u>(૧૨) રોકડ પુરસ્કાર</u>

<u>૧. ખેલાડીઓ</u>

૧. વિજેતા ખેલાડીઓને ગત વર્ષ મુજબ પોસ્ટલ ડીપાર્ટમેન્ટ મારફત મનીઓર્ડરથી રોકડ પુરસ્કારનું વિતરણ કરવા માટે તાલુકા અને જિલ્લા તથા રાજ્યકક્ષાએ વિનીંગ મોડયુલ (પોસ્ટલ મની ઓર્ડર માટેની જરૂરી વિગતો સાથે) ઓનલાઇન કરવાનું રહેશે.

૨ જિલ્લાકક્ષા અને રાજ્યકક્ષાની સ્પર્ધામાં ભાગ લેતા વિજેતા ખેલાડીઓને રોકડ પુરસ્કારની રકમ ઝડપથી તથા સરળતાથી મળી રહે તે માટે સચોટ વ્યવસ્થાના ભાગ રૂપે પોસ્ટલ ડીપાર્ટમેન્ટ મારફત મનીઓર્ડરથી રોકડ પુરસ્કાર મોકલી આપવાનો રહેશે

૩. વિજેતા ખેલાડીઓને પુરસ્કારની રકમ ચૂકવવા માટે ખેલાડીઓના નામ, સરનામું સંપર્ક નંબર, શાળાનું નામ, સરનામું અને સંપર્ક નંબર અંગેની વિગતો આ સાથેના નિયત નમુનાના <u>પત્રક-ક</u> પ્રમાણે કોર્ડીનેટરશ્રીએ તૈયાર કરવાની રહેશે.

૪. ખેલો ઈન્ડીયાના રોકડ પુરસ્કાર જે તે ખેલાડીઓના બેન્ક એકાઉન્ટમાં તબદીલ કરવાના હોવાથી ગત વર્ષે આપવામાં આવેલ પોસ્ટસ ઓફીસ લગતી માહિતી ઉપરાંત બેન્કની માહિતી પણ આ સાથેના નિયત નમુનામાં ભરવાની રહેશે.

૫. ખલમહાકુંભ ઉપરાંત ખેલો ઈન્ડીયાના રોકડ પુરસ્કાર આપવાના રહેશે.

## ૨. શિક્ષકો

૧. શિક્ષકોને માત્ર રાજયકક્ષાએ જ રોકડ પુરસ્કાર આપવામાં આવશે.

## ૩. કોચ

૧. રાજયકક્ષાની સ્પર્ધામાં અંડર-૯, ૧૧, ૧૪, ૧૭ અને ઓપનએજ (સિનિયર) ગ્રુપના વિજેતા થયેલ ખેલાડીઓના કોચને રોકડ પુરસ્કાર આપવાનો રહેશે.

૨. રાજયકક્ષાની સ્પર્ધામાં એબાઉ-૪૦ અને ૬૦ વયજુથના વિજેતા થયેલ ખેલાડીઓના કોચ તેમજ સ્પે.ખેલમહાકુંભની રમતોના વિજેતા થયેલ ખેલાડીઓના કોચને રોકડ પુરસ્કાર આપવાનો રહેશે નહી.

૩. રજિસ્ટ્રેશન ફોર્મમાં કોચનું નામ હોય તો જ રોકડ પુરસ્કાર મળવાપાત્ર થશે.

૪. રજિસ્ટ્રેશન ફોર્મમાં દર્શાવેલ કોચનું નામ ઉમેરી કે બદલી શકાશે નહી.

૫. ઈનામ યોગ્ય વિજેતાઓ અને કોચીઝનો રીપોર્ટ જિલ્લા રમત ગમત અધિકારીશ્રીએ ઓનલાઈન સીસ્ટમમાંથી ડાઉનલોડ કરવાનો રહેશે.

૬. કોચીઝને રોકડપુરસ્કારની રકમ પોસ્ટલ ડીપાર્ટમેન્ટ મારફત મનીઓર્ડરથી મોકલી આપવા માટે જિલ્લા રમત ગમત અધિકારીએ સંકલન કરવાનું રહેશે. અને તેની વિગતો આ સાથેના નમુના મુજબ તૈયાર કરવાની રહેશે.

## ૪. અન્ય

૧. પ્રતિજિલ્લાની જિલ્લાકક્ષાની ખેલમહાકુંભ સ્પર્ધાઓમાં જે શાળા અને કોલેજ પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમે શ્રેષ્ઠ દેખાવ કરે તે શાળા/કોલેજને અનુક્રમે રૂ.૧.૫૦ લાખ, રૂ.૧.૦૦ લાખ અને રૂ.૦.૭૫ લાખના રોકડ પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવશે. સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા જે પ્રધ્ધતિ નક્કી કરવામાં આવે તે મુજબ શ્રેષ્ઠ શાળા/કોલેજ નક્કી કરવામાં આવશે. આ રકમ રમતગમતના વિકાસ માટે જ ઉપયોગ કરવાની રહેશે.

૨. રાજયકક્ષાની ખેલમહાકુંભ સ્પર્ધાઓમાં જે શાળા અને કોલેજ પ્રથમ, દ્વિતિય અને તૃતિય ક્રમે શ્રેષ્ઠ દેખાવ કરે તે શાળા/કોલેજને અનુક્રમે રૂ.૫.૦૦ લાખ, રૂ.૩.૦૦ લાખ અને રૂ.૨.૦૦ લાખના રોકડ પુરસ્કાર આપીને સન્માનિત કરવામાં આવશે. સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા જે પ્રધ્ધતિ નક્કી કરવામાં આવે તે મુજબ શ્રેષ્ઠ શાળા/કોલેજ નક્કી કરવામાં આવશે.

**(૧૩) રાજયકક્ષાની સ્પર્ધામાં વિજેતાઓનું પરીણામ પત્રક**

૧. પરીણામ પત્રકનો નમુનો આ સાથે સામેલ છે.

૨. જે તે રમતના વયજુથ પ્રમાણે વ્યકિતગત અને સાંઘિક રમતના પરીણામ પત્રક કે, જેમાં ખેલાડીનુ નામ, વિજેતા ક્રમ, સમય, કે.એમ.કે. આઈ.ડી, વયજુથ, જિલ્લો વગેરે માહિતી સાથેનું પત્રક સોફ્ટ/હાર્ડ કોપીમાં તૈયાર કરવાનુ રહેશે.

૩. કોઈપણ રમતની કોઈપણ ઈવેન્ટમાં ગતવર્ષ કરતા નવો રેકોર્ડ પ્રસ્થાપિત થયો હોય તો તેને હાઈલાઈટ કરવાનો રહેશે.

૪. પરીણામ પત્રકમાં વિજેતા ભાઈઓ/બહેનોની અલગ અલગ સંખ્યા અને કુલ સંખ્યા સાથેની માહિતી તૈયાર કરવાની રહેશે.

૫. રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લીઘેલ ખેલાડી ભાઈઓ/બહેનોની અલગ અલગ સંખ્યા અને કુલ સંખ્યા સાથેની માહિતી તૈયાર કરવાની રહેશે.

**(૧૪) વિનિંગ મોડ્યુલમાં વિજેતાઓની ડેટા એન્ટ્રી:-**

તાલુકા, જિલ્લા અને રાજયકક્ષાએ વિજેતા થયેલ ખેલાડીઓના રોકડપુરસ્કાર સંદર્ભિત પોસ્ટલ ડિપાર્ટમેન્ટ દ્વારા આપવામા આવેલ ફોર્મેટ મુજબ વિનિંગ મોડ્યુલ ઓનલાઇન કરવા રહેશે. જેમાં વિજેતાઓનું લીસ્ટ તૈયાર કરતી વખતે જિલ્લા રમત ગમત અધિકારીશ્રીએ નીચેની બાબતોની ખાત્રી કરવાની રહેશે.

૧. ઓછામાં ઓછા ૪(ચાર) ટીમો/વ્યકિતગત રમતમાં ૪(ચાર) ખેલાડીઓ ભાગ લે અથવા જિલ્લાના કુલ તાલુકા/ઝોનની સંખ્યા ઓછી હોય તેટલી ટીમો વ્યકિતગત રમતમાં ખેલાડીઓ ભાગ લીઘેલ હોય તો રોકડ પુરસ્કારને હકદાર રહેશે.

૨. ડાંગ અને પોરબંદર જિલ્લામાં ૪(ચાર) ટીમ/વ્યકિતગત રમતમાં ૪(ચાર) ખેલાડીનો નિયમ અપવાદ રૂપે લાગુ પાડવામા આવશે.

**(૧૫) ઉપરની કક્ષાએ ભાગ લેવા માટે ઓનલાઈન એન્ટ્રી**

૧. શાળા/ગ્રામ્યકક્ષાએથી વિજેતા થઈ તાલુકાકક્ષાની સ્પર્ધામાં ભાગ લેવા માટે ઓનલાઈન એન્ટ્રી કરવાની રહેશે.

૨. તાલુકાકક્ષાની સ્પર્ધામાં વિજેતા થયેલ અને જિલ્લાકક્ષાની સ્પર્ધામાં ભાગ લેતા ખેલાડીઓની ઓનલાઈન એન્ટ્રી જિલ્લા રમતગમત અધિકારીએ ફરજિયાત કરવાની રહેશે.

૩. જિલ્લાકક્ષાની સ્પર્ધામાં વિજેતા થયેલ અને રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેતા ખેલાડીઓની ઓનલાઈન એન્ટ્રી સંબંધિત આયોજકને જિલ્લા રમતગમત અધિકારીએ ફરજિયાત મોકલી આપવાની રહેશે.

૪. ઓનલાઈન એન્ટ્રી થયેલ હશે તો જ જે તે ઉપરની કક્ષાની સ્પર્ધામાં ભાગ લઈ શકશે.

**(૧૬) પ્રમાણપત્ર, મેડલ અને ટ્રેકશુટ:-**

૧. પ્રમાણપત્ર, મેડલ અને ટ્રેકશુટ આપવામાં આવનાર ખેલાડીઓની યાદી તૈયાર કરવાની રહેશે. જિલ્લા રમત-ગમત અધિકારીશ્રીઓએ સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત દ્વારા પ્રમાણપત્ર, મેડલ અને ટ્રેકશુટ મેળવી લેવાના રહેશે.

૨. તાલુકા, જીલ્લા અને રાજ્ય કક્ષાના વિજેતાઓને સ્થળ ઉપર જ પ્રમાણપત્ર આપવાના રહેશે.

૩. માત્ર રાજયકક્ષાની સ્પર્ધાના વિજેતા ખેલાડીઓને જ મેડલ અને ટ્રેક્શુટ આપવાના રહેશે.

૪. વિજેતા ટીમને કોઈ પણ પ્રકારનો ગણવેશ આપવાનો નથી.

**(૧૭) ફોરમેટ, સીડીંગ અને ડ્રો કરવા બાબત.: -**

૧. રાજયકક્ષાના માન્ય મંડળો, હેડકોચશ્રી અને જિલ્લા રમતગમત અધિકારીએ સાથે રહીને જિલ્લા/મહાનગરપાલિકાની ટીમની સીડીંગ ધ્યાનમાં રાખીને ડ્રો તૈયાર કરવાનો રહેશે.

૨. બધી સાંધિક રમતો નોકઆઉટ પ્લસ લીગ પધ્ધતીથી યોજવાની રહેશે છેલ્લી આઠ ટીમ નોકઆઉટ પધ્ધતિને આધારે નક્કી થયેલ ટીમોની સ્પર્ધા કરવામા આવશે. દરેક ચાર ટીમ બે ગ્રુપમાં વહેંચવાની રહેશે. છેલ્લે આઠ ટીમ લીગ ફોર્મેટથી રમશે. દરેક ગ્રુપમાંથી બે ટીમ સેમીફાઈનલ માટે કવોલીફાઈડ થશે.

૩. રાજયકક્ષાની ટીમ રમતની સ્પર્ધામાં ભાગ લેનાર ટીમોને રમતને અનુરૂપ સારી સવલતો આપી શકાય તે હેતુસર ભાગ લેનાર ટીમોના ડ્રોને ધ્યાને લઈ રોજે રોજ બોલાવવા વધારે અનુકુળ રહેશે

**(૧૮) સ્પર્ધા સ્થળ/નિવાસ સ્થળ ઉપરની વ્યવસ્થા:-**

૧. સ્પર્ધામાં ભાગ લેવા આવનાર ખેલાડીઓ માટે ઉત્તમ નિવાસ અને ભોજન વ્યવસ્થા હોવી જોઈએ.

૨. મેદાન, નિવાસ અને ભોજન વ્યવસ્થા સ્થળ પર એનાઉન્સમેન્ટ માટે માઈકની વ્યવસ્થા કરવાની રહેશે.

૩. મેદાન, નિવાસ અને ભોજન સ્થળ પર પીવાનાપાણી અને નાસ્તાની વ્યવસ્થા અલગ જગ્યાએ હોવી જોઈએ.

૪. નિવાસ, ભોજન સ્થળ તેમજ મેદાન પર ખેલાડી, રેફરી વગેરે માટે ભાઈઓ/બહેનો માટે બાથરૂમની વ્યવસ્થા હોવી જોઈએ.

૫. સ્પર્ધાના વિગતવાર કાર્યક્રમનો બહોળો પ્રચાર અને પ્રસાર કરવાનો રહેશે.

૬. રાત્રી પ્રકાશમાં રમાડનાર સ્પર્ધા માટે જરૂરી લાઈટની વ્યવસ્થા કરવાની રહેશે.

**(૧૯) માહિતી કેન્દ્ર (હેલ્પ ડેસ્ક) :-**

દરેક ખેલાડી, કોચ, મેનેજર વગેરેને સ્પર્ધાની માહિતી નિવાસ, ભોજન, પુરસ્કાર ફોર્મ, KMK ID વગેરેની માહિતી મળી રહે તે માટે નિવાસ સ્થળ, ભોજન સ્થળ અને મેદાન ઉપર માહિતી કેન્દ્ર શરૂ કરવાનું રહેશે.

(૨૦) લોકભાગીદારી/ શાળા/કોલેજની પસંદગી:-

૧. ખેલમહાકુંભ-૨૦૧૬ની સ્પર્ધાઓ માટે લોકભાગીદારી માટે જિલ્લાકક્ષાએ કલેકટરશ્રી તથા મહાનગરપાલિકાકક્ષાએ મ્યુનિસિપલ કમિશનરશ્રી દ્વારા સ્પોન્શરશીપ, ડોનેશન અને જાહેરાત મારફત મેળવી શકશે.

૨. તાલુકા, જિલ્લા અને રાજયકક્ષાએ સરકારશ્રીના લોકભાગીદારીના અભિગમને અનુલક્ષીને ચાલુ વર્ષે ખેલમહાકુંભની સ્પર્ધાનું સમગ્ર આયોજન જીલ્લા રમત-ગમત અધિકારી મારફત શાળા/કોલેજને આપવાનું નક્કી કરવામાં આવેલ છે. જે સંદર્ભે તાલુકા, જિલ્લા અને રાજયકક્ષાએ સ્પર્ધાના આયોજન માટે શાળા/કોલેજોની પસંદગી કરવાની રહેશે.

૩. તાલુકા, જિલ્લા અને રાજયકક્ષાની સ્પર્ધાની સ્કુલ/કોલેજ આયોજકને સરકારશ્રી દ્વારા ગ્રાન્ટ જીલ્લા રમત-ગમત અધિકારી મારફત જે તે યજમાન સંસ્થાને ફાળવી તે અંગેના ખર્ચનું યુટીલાઈઝેશન સર્ટીફીકેટ મેળવવાનું રહેશે.

(૨૧) ગ્રાન્ટ:-

૧. રાજ્યકક્ષાના ઉદ્દઘાટન/પૂર્ણાહુતી કાર્યક્રમના માટેની ગ્રાન્ટ જીલ્લા કલેકટરશ્રીને ફાળવવામાં આવશે.

૨. સ્પર્ધાના આયોજન-સંચાલન (મેદાન, સાધન, ટેકનીકલ સ્ટાફ, આનુષાંગીક ખર્ચ વગેરે) માટે ગ્રાન્ટની ફાળવણી જીલ્લા રમત ગમત અધિકારીને ફાળવવામાં આવશે. તેમના દ્વારા જે તે આયોજક સંસ્થાને જરૂરીયાત મુજબની ગ્રાન્ટ ફાળવવાની રહેશે.

૩. ચાલુ વર્ષથી ભારત સરકારના ખેલો ઈન્ડીયા કાર્યક્રમનો ખેલમહાકુંભમાં સમન્વય કરવામાં આવેલ હોય ભારત સરકારની ગાઈડ લાઈન મુજબ નીચે મુજબની રમત સ્પર્ધાઓ માટેની ગ્રાન્ટ ફાળવવામાં આવશેએ સિવાયની રમત સ્પર્ધાઓ માટે ગત વર્ષ મુજબ ગ્રાન્ટ ફાળવવામાં આવશે.

૪. બંને ગ્રાન્ટના હિસાબો, અહેવાલો અને યુટીલાઈઝેશન અલગ અલગ આપવાના રહેશે

૫. ખેલો ઈન્ડીયાની ગ્રાન્ટની ફાળવણી અંગેનો દફતરી હુકમ હવે પછી કરવામાં આવશે

૬. ખેલો ઈન્ડીયાની સ્પર્ધાના આયોજન-સંચાલન અને રોકડ પુરસ્કાર માટે અલગ બેન્ક એકાઉન્ટ ખોલવાનું રહેશે. (ખેલમહાકુંભ સિવાય)

૭.. રાજયકક્ષા:-

(૧) નિવાસ અને ભોજન.:- (રાજયકક્ષા)

૧. સીધી રાજ્યકક્ષાએ શરૂ થતી સ્પર્ધા માટે ઉપસ્થિત રહેનાર ખેલાડીઓની સૌ પ્રથમ ક્વોલીફાઈડ મેચનું પ્રથમ રાઉન્ડનું આયોજન ગોઠવવાનું રહેશે. સ્પર્ધામાં ઉપસ્થિત રહેનાર ખેલાડીઓને એક ટાઈમ લંચ આપવાનો રહેશે. પ્રથમ રાઉન્ડના વિજેતાઓને ભોજન અને નિવાસ પુરું પાડવાનું રહેશે.

૨. જિલ્લાકક્ષાએ ભાગ લઈ પસંદગી પામેલ અને વિજેતા થયેલ ખેલાડીઓની જ નિવાસ તથા ભોજન વ્યવસ્થા કરવામાં આવશે.

૩. રાજ્યકક્ષા સ્પર્ધામાં વ્યવસ્થાપકો, ચીફ રેફરી અને ટેકનીકલ ઓફિશીયલ્સ માટે નિવાસ, ભોજન અને પ્રવાસ ખર્ચ સરકારશ્રીના ધારાધોરણ મુજબ કરવાનો રહેશે. આ અંગેની ગ્રાન્ટ અલગ થી ફાળવવામાં આવશે.

(૨) <u>પ્રવાસ ખર્ચ</u> :- તાલુકાકક્ષા, જિલ્લાકક્ષા તથા રાજયકક્ષા

૧. તાલુકા, જિલ્લા તથા રાજયકક્ષાની સ્પર્ધામાં ભાગ લેનાર માત્ર વિજેતા ખેલાડીઓને જ ખરેખર થયેલ પ્રવાસ ખર્ચ ચૂકવવાનો રહેશે. તાલુકા જિલ્લા/મહાનગરપાલિકા અને રાજયકક્ષાએ સીધી યોજાતી સ્પર્ધામાં ભાગ લેનાર ખેલાડીઓને પ્રવાસ ખર્ચ ચૂકવવાનો થતો નથી.

૨. જિલ્લાકક્ષા તથા રાજયકક્ષાની સ્પર્ધાના વ્યવસ્થાપક, રેફરી અને ટેકનીકલ ઓફિશીયલ્સને રેલ્વેના બીજા વર્ગના ભાડાની મર્યાદામાં ખરેખર થયેલ પ્રવાસખર્ચ ચુકવવાનો રહેશે

(૩) <u>ટેકનીકલ ઓફીસીયલ્સ ફી:-</u>

ટેકનીક્લ ઓફીસીયલ્સ (રેફરી)ને ગત વર્ષ મુજબ તાલુકા, જિલ્લા અને રાજયકક્ષાએ માનદ વેતન (ફી) ચૂકવવાનું રહેશે. જે તે રમતની જરૂરીયાત પ્રમાણે ટેકનીક્લ ઓફીસીયલ્સ રાખવાના રહેશે

## <u>(૨૨) શક્તિદૂત યોજના</u>

(૧) શક્તિદૂત યોજના ખેલાડીઓએ ખેલમહાકુંભમાં રાજયકક્ષાની સ્પર્ધામાં ફરજીયાત ભાગ લેવાનો રહેશે.

(૨) શકિતદૂતના ખેલાડીઓ વર્ષ ૨૦૧૬-૧૭ માટે પસંદગી પામેલાએ જિલ્લાકક્ષાની વ્યકિતગત રમતોમાં ભાગ નહી લીધો હોય તો પણ તેઓને ભાગ લેવા માટે રાજયકક્ષાની રીલે ટીમમાં ભાગ લેવા માટેની અગ્રતા આપવામાં આવશે.

(૩) ખેલમહાકુંભ-૨૦૧૬માં શક્તિદૂત યોજનાના વર્ષ ૨૦૧૬-૧૭ના લાભાર્થી ખેલાડીઓને <u>પોતાની વ્યક્તિગત રમતમાં મેળવેલ સિધ્ધિ ધ્યાનમાં લઈ રજિસ્ટ્રેશન કરાવેલ હોય તો જિલ્લા કક્ષાની સ્પર્ધામાં ભાગ લીધેલ ન હોય તો પણ સીધા રાજયકક્ષાની સ્પર્ધામાં પ્રવેશ આપી શકાશે.</u> શક્તિદૂત યોજનાના ૨૦૧૬-૧૭ના ખેલાડીઓને જે લાગુ પાડી શકાશે.

## <u>(૨૩) ખેલે ગુજરાત (સમર કોચીંગ કેમ્પ) :-</u>

ખેલમહાકુંભ ૨૦૧૬-૧૭માં તાલુકા/જિલ્લા/ઉપરાંત મહાનગરપાલિકાકક્ષા અને રાજ્યકક્ષાની રમતોમાં અંડર ૯, ૧૧, ૧૪, ૧૭ વયજુથમાં વિજેતા થયેલ તેમજ પ્રતિભાશાળી ખેલાડીઓને ઉનાળાની રજાઓ દરમ્યાન ઘનિષ્ઠ તાલીમ શિબિર (સમર કેમ્પ) નું આયોજન કરવાનું રહેશે.

## (૨૪) પ્રતિભાશોધ:- (જિલ્લાકક્ષા સ્પોર્ટસ સ્કુલના પ્રવેશ માટે)

ખેલમહાકુંભમાંથી ડી.એલ.એસ.એસ.ના વાય.ટી અને પી.ટી. ખેલાડીઓનું શોર્ટ લીસ્ટ અને ઓનલાઈન રજિસ્ટ્રેશન કરવાની કામગીરી અને જવાબદારી અંગેનો વિગતવાર પરીપત્ર હવે પછી કરવામાં આવશે અને તેમાં ખેલમહાકુંભમાં ભાગ લેનાર ખેલાડીઓની વિવિધ કક્ષાએ પસંદગી માટે ખેલાડીની ઉંચાઈ (HEIGHT HUNT) ધ્યાનમાં લેવામાં આવનાર હોઈ નિયત કરેલ ઓનલાઈન રજિસ્ટ્રેશન ફોર્મમાં અન્ય વિગતોની સાથે ફરજીયાત પણે દર્શાવવાની રહેશે.

## (૨૫) બીચ સ્પોર્ટસ

ચાલુ વર્ષે બીચ સ્પોર્ટસ સ્પર્ધાનું આયોજન રદ કરવામાં આવેલ છે.

## (૨૬) અન્ય :-

૧. ખેલમહાકુંભમાં યોજવામાં આવતી તમામ સ્પર્ધાઓ જે તે રમતના ભારતના માન્ય ફેડરેશન/એસોસીએશનના નીતિ નિયમો મુજબ યોજવાની રહેશે
૨. દરેક સ્પર્ધા નિયત કાર્યક્રમ પ્રમાણે યોજવાની રહેશે.
૩. રજિસ્ટ્રેશનની કોઈ પણ સમસ્યા બાબતે જિલ્લા સ્તરે જિલ્લા રમતગમત અધિકારીશ્રી તથા રાજ્ય સ્તરે ટોલ ફ્રી નંબર. ૧૮૦૦ ૨૭૪૪ ૧૫૧ ઉપર સપર્ક કરવાથી માર્ગદર્શન પુરૂં પાડવામાં આવશે.
૪. રજીસ્ટ્રેશન માટેના સ્પોર્ટસ વોલીયન્ટર્સ ખેલમહાકુંભની સ્પર્ધામાં ભાગ લઈ શકશે.
૫. ખેલમહાકુંભ-૨૦૧૬માં સ્વીમીંગ ભાઈઓ/બહેનોની સ્પર્ધા માટે ઓનલાઈન રજિસ્ટ્રેશન કરાવેલ હોય અને તે પૈકી ગમે તે એક વ્યકિતગત ઈવેન્ટમાં જિલ્લાકક્ષાની સ્પર્ધામાં ભાગ લીધો હોય તો તેવા ખેલાડીઓને જિલ્લાકક્ષાની સ્પર્ધાની ઈવેન્ટ અને સીધી રાજયકક્ષાએ યોજાતી સ્પર્ધા મળીને એમ કુલ ત્રણ વ્યકિતગત ઈવેન્ટ અને બે રીલેમાં ભાગ લઈ શકશે. જિલ્લાકક્ષાની કેટલી વ્યકિતગત ઈવેન્ટમાં ભાંગ લીધેલ છે અને તેમાં વિજેતા થયેલ છે કે વિજેતા થયેલ નથી તેની વિગતોની લેખીત બાંહેધરી સબંધિત ખેલાડી પાસેથી જિલ્લા રમત ગમત અધિકારીશ્રીએ મેળવી લેવાની રહેશે.
૬. જે જિલ્લાની ટીમોની સ્પર્ધા રમાતી હોય ત્યારે તે જિલ્લાના પંચો/રેફરી સ્પર્ધામાં ફરજ ન બજાવે તેની ખાસ તકેદારી રાખવાની રહેશે.
૭. એથ્લેટીકસ અને સ્વીમીંગ માટેની રીલે ટીમની પસંદગી. રાજયકક્ષાની જે રીલે ટીમ બનશે તે જિલ્લાકક્ષાની વ્યકિતગત રમતના આધાર પર બનાવવામાં આવશે. રીલે ટીમ બનાવવા માટે અલગથી પસંદગી ટ્રાયલ આપવામાં આવશે નહી.
૮. ખેલો ઈન્ડીયા અને ખેલમહાકુંભના ધારાધોરણ મુજબ માનદ વેતન, પ્રવાસ ખર્ચ, નિવાસ, ભોજન, રોકડ પુરસ્કાર, તેમજ આનુષાંગિક તમામ ખર્ચ કરવાનો રહેશે.

૯. ખેલો ઈન્ડીયા અને ખેલમહાકુંભના અલગ અલગ વિગતવાર ખર્ચના હિસાબો અને યુટીસી તેમજ ભાગ લીધેલ ખેલાડીઓની સંખ્યા સાથે નિયત પત્રક ઉપરાંત ફોટોગ્રાફ – વિડ્યોગ્રાફીની સીડી સાથે સ્પર્ધામાં પૂર્ણ થયે ૧૫ દિવસમાં મોકલી આપવાનો રહેશે.

૧૦. રાજયકક્ષાના ઉદ્ઘાટન દરમ્યાન લાઠી દાવ અને મલખમનું નિર્દેશન કરવાનું રહેશે.

૧૧. દેશી રમતો જેવી કે, ડમ્બેલ્સ, લેજીમ, લંગડી, સંગીત ખુરશી જેવી વિવિધ રમતોનો શાળા/ગ્રામ્યકક્ષાએ નિર્દેશન કરવાનું રહેશે.

સરકારશ્રીનો, ખેલમહાકુંભ ફ્લેગશીપ કાર્યક્રમ હોઈ સફળ બનાવવા તમામ પ્રયત્ન કરવા વિનંતી છે.

ડાયરેકટર જનરલ
સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત
ગાંધીનગર

બિડાણ:- અ – રોકડ પુરસ્કાર
બ – રોકડ પુરસ્કારનું ફોર્મ (ખેલાડી/કોચ)
ક – બાહેંધરી પત્રક

<u>નકલ સવિનય રવાના જાણ સારૂં</u>

(૧) અંગત સચિવશ્રી,
માન.મંત્રીશ્રી, રમતગમત, યુવા, સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગુજરાત સરકાર, ગાંધીનગર

(૨) અંગત સચિવ
માન.સચિવશ્રી, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર

પ્રતિ,

(૧) કલેક્ટરશ્રી, તમામ
(૨) મ્યુ.કમિશ્નરશ્રી, તમામ,
(૩) જિલ્લા વિકાસ અધિકારીશ્રી, તમામ
(૪) વાઈસ ચાન્સેલરશ્રી, સ્વર્ણિમ ગુજરાત સ્પોર્ટસ યુનિવર્સીટી, ગાંધીનગર
(૫) કમિશ્નરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ, ગાંધીનગર
(૬) કમિશ્નરશ્રી, ઉચ્ચ શિક્ષણ, ગુજરાત રાજય, ગાંધીનગર
(૭) પ્રાથમિક શિક્ષણ નિયામકશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર
(૮) નિયામકશ્રી, ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલિમ પરિષદ, ગાંધીનગર
(૯) જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, તમામ
(૧૦) જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ
(૧૧) પ્રિન્સીપાલશ્રી, જીલ્લા શિક્ષણ અને તાલિમ ભવન તમામ
(૧૨) શાસનાધિકારીશ્રી, મ્યુનિ.કોર્પોરેશન તમામ
(૧૩) પ્રમુખ/મંત્રીશ્રી, રાજયકક્ષાના માન્ય રમતગમત મંડળો
(૧૪) જિલ્લા રમતગમત અધિકારીશ્રી, તમામ
(૧૫) સીનીયર કોચશ્રી, તમામ
(૧૬) પસંદગી ફાઇલ

# ખેલમહાકુંભ-૨૦૧૬

## જિલ્લા અને રાજયકક્ષાના વિજેતા ખેલાડીઓને ચૂકવવાપાત્ર રોકડ પુરસ્કાર

**પત્રક-અ**

| ક્રમ | વિગત | કક્ષા | વિજેતા ક્રમ | વ્યક્તિગત રૂ।. | સાંઘિક રૂ।. |
|---|---|---|---|---|---|
| | | અં-૯, ૧૧ | | | |
| ૧ | ખેલાડીઓ | તાલુકાકક્ષા | પ્રથમ | ૭૫૦ | ૫૦૦ |
| | | | દ્વિતિય | - | - |
| | | | તૃતિય | - | - |
| | | જિલ્લાકક્ષા | પ્રથમ | ૩૦૦૦ | - |
| | | | દ્વિતિય | ૨૦૦૦ | - |
| | | | તૃતિય | ૧૦૦૦ | - |
| | | રાજયકક્ષા | પ્રથમ | ૫૦૦૦ | - |
| | | | દ્વિતિય | ૩૦૦૦ | - |
| | | | તૃતિય | ૨૦૦૦ | - |
| | | અં-૧૪ | | | |
| ૨ | ખેલાડીઓ | તાલુકાકક્ષા | પ્રથમ | ૭૫૦ | ૫૦૦ |
| | | | દ્વિતિય | - | - |
| | | | તૃતિય | - | - |
| | | જિલ્લાકક્ષા | પ્રથમ | ૩૦૦૦ | ૧૫૦૦ |
| | | | દ્વિતિય | ૨૦૦૦ | ૧૦૦૦ |
| | | | તૃતિય | ૧૦૦૦ | ૭૫૦ |
| | | રાજયકક્ષા | પ્રથમ | ૫૦૦૦ | ૩૦૦૦ |
| | | | દ્વિતિય | ૩૦૦૦ | ૨૦૦૦ |
| | | | તૃતિય | ૨૦૦૦ | ૧૦૦૦ |
| | | અં-૧૭ | | | |
| 3 | ખેલાડીઓ | તાલુકાકક્ષા | પ્રથમ | ૭૫૦ | ૫૦૦ |
| | | | દ્વિતિય | - | - |
| | | | તૃતિય | - | - |
| | | જિલ્લાકક્ષા | પ્રથમ | ૫૦૦૦ | ૩૦૦૦ |
| | | | દ્વિતિય | ૩૦૦૦ | ૨૦૦૦ |
| | | | તૃતિય | ૨૦૦૦ | ૧૦૦૦ |
| | | રાજયકક્ષા | પ્રથમ | ૧૦૦૦૦ | ૫૦૦૦ |
| | | | દ્વિતિય | ૭૦૦૦ | ૩૦૦૦ |
| | | | તૃતિય | ૫૦૦૦ | ૨૦૦૦ |
| | | ઓપન એઈજ ગૃપ અને એબાઉ-૪૦, ૬૦ | | | |
| ૪ | ખેલાડીઓ | તાલુકાકક્ષા | પ્રથમ | ૭૫૦ | ૫૦૦ |
| | | | દ્વિતિય | - | - |
| | | | તૃતિય | - | - |
| | | જિલ્લાકક્ષા | પ્રથમ | ૫૦૦૦ | ૩૦૦૦ |
| | | | દ્વિતિય | ૩૦૦૦ | ૨૦૦૦ |
| | | | તૃતિય | ૨૦૦૦ | ૧૦૦૦ |
| | | રાજયકક્ષા | પ્રથમ | ૧૦૦૦૦ | ૫૦૦૦ |
| | | | દ્વિતિય | ૭૦૦૦ | ૩૦૦૦ |
| | | | તૃતિય | ૫૦૦૦ | ૨૦૦૦ |

| ક્રમ | વિગત | કક્ષા | વિજેતા ક્રમ | વ્યક્તિગત રૂ!. | સાંઘિક રૂ!. |
|---|---|---|---|---|---|
| | | | **ઓપન એઈજ ગૃપ શિક્ષકો** | | |
| ૫ | ખેલાડીઓ (શિક્ષકો) | રાજ્યકક્ષા | પ્રથમ | ૫૦૦૦ | ૩૦૦૦ |
| | | | દ્વિતિય | ૩૦૦૦ | ૨૦૦૦ |
| | | | તૃતિય | ૨૦૦૦ | ૧૦૦૦ |
| | | | **શ્રેષ્ઠ શાળા/કોલેજ** | | |
| ૮ | શાળા/કોલેજ | જિલ્લાકક્ષા | પ્રથમ | ૧૫૦૦૦૦ | - |
| | | | દ્વિતિય | ૧૦૦૦૦૦ | - |
| | | | તૃતિય | ૭૫૦૦૦ | - |
| ૮ | શાળા/કોલેજ | રાજ્યકક્ષા | પ્રથમ | ૫૦૦૦૦૦ | - |
| | | | દ્વિતિય | ૩૦૦૦૦૦ | - |
| | | | તૃતિય | ૨૦૦૦૦૦ | - |

## રાજ્યકક્ષાના વિજેતા ખેલાડીઓના કોચને રાજ્યકક્ષાએ ચૂકવવાપાત્ર રોકડ પુરસ્કાર

| ક્રમ | વિગત | કક્ષા | વિજેતા ક્રમ | વ્યક્તિગત રૂ!. | સાંઘિક રૂ!. |
|---|---|---|---|---|---|
| | | | **અં-૯, ૧૧** | | |
| ૧ | કોચ | રાજ્યકક્ષા | પ્રથમ | ૧૫૦૦ | - |
| | | | દ્વિતિય | ૧૨૦૦ | - |
| | | | તૃતિય | ૯૦૦ | - |
| | | | **અં-૧૪** | | |
| ૨ | કોચ | રાજ્યકક્ષા | પ્રથમ | ૧૫૦૦ | ૧૦૦૦ |
| | | | દ્વિતિય | ૧૨૦૦ | ૭૫૦ |
| | | | તૃતિય | ૯૦૦ | ૫૦૦ |
| | | | **અં-૧૭** | | |
| ૩ | કોચ | રાજ્યકક્ષા | પ્રથમ | ૧૫૦૦ | ૧૦૦૦ |
| | | | દ્વિતિય | ૧૨૦૦ | ૭૫૦ |
| | | | તૃતિય | ૯૦૦ | ૫૦૦ |
| | | | **ઓપન એઈજ ગૃપ** | | |
| ૪ | કોચ | રાજ્યકક્ષા | પ્રથમ | ૧૫૦૦ | ૧૦૦૦ |
| | | | દ્વિતિય | ૧૨૦૦ | ૭૫૦ |
| | | | તૃતિય | ૯૦૦ | ૫૦૦ |

## પત્રક-ક

# ખેલમહાકુંભ

## ખેલાડી/શિક્ષક રોકડ પુરસ્કાર ફોર્મ

(ફોર્મ અંગ્રેજી કેપીટલ લેટરમાં ભરવાનું રહેશે)

બધી જ વિગતો ભરવી ફરજીયાત

| ખેલાડી/શિક્ષકની વિગત | |
|---|---|
| ખેલાડીનું કે.એમ.કે.આઈ.ડી. | |
| કોચનું નામ (પુરૂ નામ ) | |
| ઘરનું પુરેપુરું સરનામું | પીન કોડ નંબર |
| તાલુકો/ જિલ્લો/મહાનગરપાલિકા | |
| વય જુથ ☐ ભાઈઓ ☐ બહેનો | ☐ U9 ☐ U11 ☐ U14 ☐ U17 ☐ OPEN AGE CATEGARY<br>☐ A40 ☐ A60 ☐ Teacher |
| રમત | |
| ઈવેન્ટનું નામ | |
| મોબાઈલ નંબર-૧ | |
| મોબાઈલ નંબર-૨ | |
| ઈમેલ આંઈ.ડી | |

હું ખાતરી આપું છું કે ઉપર જણાવેલ વિગતો સાચી છે.

(ખેલાડીની સહી)

### ઓર્ગેનાઈઝર દ્વારા ભરવાની વિગત (તાલુકા/જિલ્લા/રાજયકક્ષા)

| | |
|---|---|
| રમત/ઈવેન્ટનું નામ | |
| વિજેતા ક્રમાંક | ☐ પ્રથમ ☐ દ્વિતિય ☐ તૃતિય |
| ઈનામ મેળવવા પાત્ર રકમ | |

# પત્રક-ક

# ખેલમહાકુંભ

## કોચ રોકડ પુરસ્કાર ફોર્મ

(ફોર્મ અંગ્રેજી કેપીટલ લેટરમાં ભરવાનું રહેશે)

બધી જ વિગતો ભરવી ફરજીયાત

| કોચની વિગત | |
|---|---|
| ખેલાડીનું કે.એમ.કે.આઈ.ડી. | |
| કોચનું નામ (પુરુ નામ ) | |
| ઘરનું પુરેપુરું સરનામું | પીન કોડ નંબર |
| તાલુકો/ જિલ્લો/મહાનગરપાલિકા | |
| વય જુથ ☐ભાઈઓ ☐ બહેનો | ☐ U9 ☐ U11 ☐ U14 ☐ U17 ☐ OPEN AGE CATEGARY |
| રમત | |
| ઈવેન્ટનું નામ | |
| મોબાઈલ નંબર-૧ | |
| મોબાઈલ નંબર-૨ | |
| ઈમેલ આઈ.ડી | |

હું ખાતરી આપું છું કે ઉપર જણાવેલ વિગતો સાચી છે.

(કોચની સહી)

નોંધ- એબાઉ-૪૦ અને ૬૦ની વયજુથના કોચને તેમજ દિવ્યાંગ ખેલમહાકુંભના કોચને પુરસ્કાર આપવાનો રહેશે નહી.

### ઓર્ગેનાઈઝર દ્વારા ભરવાની વિગત (રાજ્યકક્ષા)

| | |
|---|---|
| રમત/ઈવેન્ટનું નામ | |
| વિજેતા ક્રમાંક | ☐ પ્રથમ ☐ દ્વિતિય ☐ તૃતિય |
| ઈનામ મેળવવા પાત્ર રકમ | |

સંસ્થાનું નામ :-.................................
સરનામું :-.......................................
.......................................................
.......................................................
સંપર્ક નંબર :- .................................
ઈમેલ આઈ.ડી. :- ..........................
તા..../....../૨૦૧૬

# બાંહેધરી પત્ર

કક્ષા:..................... રમતનું નામ..........................વયજુથ .........................

આથી હું નીચે સહી કરનાર લખી આપું છું કે ખેલમહાકુંભ-૨૦૧૬ અંતર્ગત ........................સ્થળે તા...../......./૨૦૧૬ના રોજ.................. કક્ષાની .................... ટીમ રમતમાં .................. વયજુથની સ્પર્ધામાં ભાગ લઈ અમારી સંસ્થા પ્રથમક્રમે વિજેતા થઈ ઉપરની કક્ષાએ સંસ્થાના નામે સ્વતંત્ર રીતે ભાગ લેવા માટે સંમતી આપીએ છીએ/આપતા નથી.

ટીમ મેનેજરની સહી

સંસ્થા વડાની સહી/સિક્કો

# ખેલમહાકુંભ-૨૦૧૬ વિજેતા ખેલાડીઓનું પરીણામ પત્રક

તાલુકાકક્ષા ☐ જિલ્લાકક્ષા ☐

| તાલુકો : | રમતનું નામ: | વયજુથ | જાતિ : | જિલ્લા રમતગમત અધિકારીશ્રીનું નામ |
|---|---|---|---|---|
| | | | ભાઈઓ ☐ | |
| જિલ્લો : | પેટા રમતનું નામ: | વિજેતા ક્રમ: | બહેનો ☐ | જિલ્લા રમતગમત કન્વિનરશ્રીનું નામ |
| | | | | |

| ક્રમ | કે.એમ.કે.આઈ.ડી. નંબર | ખેલાડીઓનું નામ | મોબાઈલ નંબર | સંસ્થાનું નામ | રીમાર્ક્સ | ઘરનું સરનામું પીનકોડ નંબર સાથે |
|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | | |
| ૨ | | | | | | |
| ૩ | | | | | | |
| ૪ | | | | | | |
| ૫ | | | | | | |
| ૬ | | | | | | |
| ૭ | | | | | | |
| ૮ | | | | | | |
| ૯ | | | | | | |
| ૧૦ | | | | | | |
| ૧૧ | | | | | | |
| ૧૨ | | | | | | |
| ૧૩ | | | | | | |
| ૧૪ | | | | | | |

સહી
જે તે રમતના ચીફ રેફરી

સહી
જિલ્લા રમતગમત કન્વિનરશ્રી

સહી
જિલ્લા રમતગમત અધિકારીશ્રી